2016, 2023માં 10 કરોડ અને 2025માં 3 કરોડની જોગવાઈ કરી હોવા છતાં

# ટેક્સટાઈલ યુનિ. ગુજરાતના પ્રોજેક્ટમાં નથી

**સધર્ન** ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સની પ્રપોઝલ પર કોઈ કામ થયું નથી

**સફળતાની** ખાતરી વિના શા માટે કરોડોનું જોખમ લેવું જોઇએ : ઇન્ડસ્ટ્રી સેક્રેટરી



સુરતઃ વર્ષ 2016 અને 2023માં 10 કરોડ અને 2025 ના બજેટમાં 3 કરોડની જોગવાઈ કરનાર ગુજરાત સરકારે સુરતમાં આંતરાષ્ટ્રીય કક્ષાની ટેક્સટાઈલ યુનિવર્સિટી સ્થાપવાનું માંડી વાળ્યું છે. સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ પદે બીએસ. અગ્રવાલ અને આશિષ ગુજરાતી હતા ત્યારે આંતરાષ્ટ્રીય કક્ષાની ટેક્સટાઈલ યુનિવર્સિટી સ્થાપવાની પ્રપોઝલ ચેમ્બર દ્વારા મોકલવામાં આવી હતી. અને એ મુજબ રાજ્ય સરકારના બજેટમાં ફંડ ઈલોકેશન કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટ અભ્યાસ માટે રાજ્ય સરકારે બજેટમાં 2016 થી 2025 સુધી 10 કરોડનું ફંડ ઘટાડી 3.01 કરોડ કરી દીધું હતું. ગુજરાત વિધાનસભામાં રાજ્યમાં ટેક્સટાઈલ યુનિવર્સિટીની સ્થાપના અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં સરકારે પ્રોજેક્ટ રિપોર્ટ જ તૈયાર નથી તેમ કહ્યું હતું

ચેમ્બરના પૂર્વ પ્રમુખ બીએસ. અગ્રવાલે જણાવ્યું હતું કે, તેમના પ્રમુખપદ દરમિયાન અમે સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગની સ્થિતિ અંગે પ્રોફેશનલ એજન્સી પાસે બે પુસ્તક સ્વરૂપના ડોક્યુમેન્ટ તૈયાર કરાવ્યા હતા. જેમાં સુરતના કાપડ ઉદ્યોગ અંગે સંપૂર્ણ ડેટા એનાલિસિસ હતું. ટેક્સટાઈલ યુનિવર્સિટી અંગે તેમણે કહ્યું હતું કે, 'સુરત અને વડોદરાની કોલેજોમાં ટેકસટાઈલને લગતા ડિપ્લોમાં અને ડિગ્રી અભ્યાસક્રમો બંધ થતા ટેકસટાઈલ યુનિવર્સિટી સ્થાપવાને લઈ સરકારનો ભરોસો તૂટી ગયો હતો. સુરતની ત્રણ કોલેજોમાં ડિગ્રી અભ્યાસક્રમો બંધ

...અનુસંધાન પાના 9 પર

## તમિલનાડુમાં સફળતાપૂર્વક યુનિવર્સિટી ચાલે છે

સુરતની ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રી પર પ્રથમવાર બે રિસર્ચ રિપોર્ટ તૈયાર કરાવનાર ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ બીએસ.અગ્રવાલ કહે છે કે,'તમિલનાડુમાં એક્સપોર્ટ ઓરિએન્ટેડ ટેક્સટાઈલ ઇન્ડસ્ટ્રી હોવાથી ત્યાં સફળતા પૂર્વક યુનિવર્સિટી ચાલે છે.દક્ષિણ ભારતમાં ઇન્ડસ્ટ્રી બેઝ ભણવાનો ક્રેઝ છે.અહીં ટેક્સટાઇલ યુનિવર્સિટીમાં દર વર્ષે 1000 થી 1200 વિદ્યાર્થીઓ વિવિધ અભ્યાસક્રમોમાં ગ્રેજ્યુએશન ડિગ્રી મેળવે છે. તિરુપુર, કોઇમ્બતુર મોટી ટેક્સટાઇલ્સ સિટી છે.કોટન બેઝ અહીંની ઇન્ડસ્ટ્રી છે.ગારમેન્ટ સેક્ટરમાં એકલા તિરુપુરનો વાર્ષિક એક્સપોર્ટ 25,000 કરોડનો છે. ચેમ્બરના માજી પ્રમુખ વિજય મેવાવાલા એ જણાવ્યું હતું કે, 'ગુજરાત સરકારે અગાઉ ટેકસટાઈલ યુનિવર્સિટી માટે DPR બનાવ્યો હતો.પ્રારંભમાં 10 કરોડનો એસ્ટિમેટ હતો.પણ પછી એ રકમ 90થી 100 કરોડ થઈ હતી.દુર્ભાગ્ય એ હતું કે,જે તબક્કે ટેકસટાઈલ યુનિવર્સિટીની જોગવાઈ આવી એ સમયે સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ મંદીના તબક્કામાંથી પસાર થઇ રહ્યો હતો.નકારાત્મક માહોલમાં સ્વભાવિક છે,આવી ઇન્ડસ્ટ્રીને વિદ્યાર્થીઓ નહી મળે.સુરતની કોલેજો એ જ ટેક્સટાઇલના ડિગ્રી અને ડિપ્લોમાં અભ્યાસક્રમો ચલાવવા જોઈએ.'

## વિધાનસભામાં સરકારનો ખુલાસો

ગુજરાત વિધાનસભામાં રાજ્યમાં ટેક્સટાઈલ યુનિવર્સિટીની સ્થાપના અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં સરકારે મહત્વપૂર્ણ માહિતી આપતાં કહ્યું છે કે તા.31 ડિસેમ્બર 2025ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન રાજ્યમાં ટેક્સટાઈલ યુનિવર્સિટી સ્થાપવા માટે કોઈ નવો પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો નથી. સરકારે વધુમાં જણાવ્યું છે કે વર્ષ 2025-26ના બજેટમાં ટેક્સટાઈલ યુનિવર્સિટી માટે રૂા. 3.01 કરોડની ટોકન જોગવાઈ કરવામાં આવી છે. જોકે, હાલની સ્થિતિએ આ જોગવાઈ હેઠળ કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી. યુનિવર્સિટી ક્યારે કાર્યરત થશે તે અંગે પૂછાયેલા પ્રશ્નના

...અનુસંધાન પાના 9 પર

સુરત સ્મીમેર મેડિકલ કોલેજમાં સીટ વિવાદ ગરમાયો

# ૨૫૦ સામે માત્ર ૭૦ સીટથી શહેરમાં અસંતોષ, ૮૫ ટકા હકની માંગ ઊઠી

**૭૦** નહીં, ઓછામાં ઓછી ૧૭૫ સીટ સુરતને મળવી જોઈએ, શાસકો ઝડપી નિર્ણય લે તેવી માંગણી

સુરતઃ શહેરની અગ્રણી મનપા સંચાલિત મેડિકલ સંસ્થા સ્મીમેરમાં એમબીબીએસની કુલ ૨૫૦ સીટ સામે હાલ માત્ર અંદાજે ૨૮ ટકા એટલે કે ૭૦ સીટ સુરતના વિદ્યાર્થીઓને મળતી હોવાના મુદ્દે શહેરમાં અસંતોષ વધતો જાય છે. વાલીઓ અને તબીબો દ્વારા શરૂ કરાયેલા સીટ વધારાના અવાજને હવે ધારાશાસ્ત્રીઓ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોએ પણ ટેકો આપતા આ મુદ્દો વધુ તીવ્ર બન્યો છે.

શહેરના આગેવાનોનું માનવું છે કે છેલ્લા બે દાયકામાં સુરત શહેરે ઔદ્યોગિક, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. વસ્તી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બંનેમાં થયેલા વધારા સામે મેડિકલ શિક્ષણમાં લોકલ વિદ્યાર્થીઓને મળતી તક ઘટતી જવી યોગ્ય નથી.

અગાઉની તુલનાએ સુરતને મળતી સીટોની ટકાવારી ઘટી ગઈ હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સના મતે, શહેરની જનતા દ્વારા ભરાતા કરવેરા અને મનપા દ્વારા સંચાલિત સંસ્થાની નાણાકીય જવાબદારીને ધ્યાનમાં લેતાં ૨૫૦માંથી ઓછામાં ઓછી ૧૭૫ સીટ સુરતના વિદ્યાર્થીઓ માટે અનામત હોવી જોઈએ. માત્ર ૨૮ ટકા સીટોથી શહેરના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને અન્યત્ર જવું પડે છે, જેનાથી લોકલ હિતને નુકસાન થાય છે. સીએ વર્ગે સ્પષ્ટ જણાવ્યું છે કે સુરતમાં વસતા અને વર્ષોથી અહીં વ્યવસાય કરતા બિન-ગુજરાતી સીએઓ પણ હવે ૭૦ નહીં પરંતુ ૮૫ ટકા સીટ લોકલ વિદ્યાર્થીઓને મળવી જોઈએ તેવી માંગને સમર્થન આપી રહ્યા છે. આથી સ્પષ્ટ થાય છે કે મુદ્દો માત્ર ભાષા કે પ્રાંતનો નથી, પરંતુ શહેરના હિતનો છે.

## વિકાસના શહેરને શિક્ષણમાં પણ ન્યાય જોઈએ

વિચારક મંડળોનું કહેવું છે કે સુરત દેશના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાંનું એક છે. મેડિકલ ક્ષેત્રે પણ શહેરની જરૂરિયાતો સતત વધી રહી છે. આવી સ્થિતિમાં લોકલ વિદ્યાર્થીઓને પૂરતી તકો નહીં મળે તો શહેરના આરોગ્ય માળખા પર પણ તેની અસર પડી શકે છે. હવે આ મુદ્દે રાજ્ય સરકાર અને સંબંધિત સત્તાધિકારીઓ શું નિર્ણય લે છે તે જોવાનું રહ્યું. પરંતુ સ્પષ્ટ છે કે સ્મીમેરમાં સીટ વધારાની માંગ હવે માત્ર એક વર્ગ સુધી મર્યાદિત નથી રહી. શહેરના વિવિધ બુદ્ધિજીવી વર્ગો એકસૂર બની સુરતના હક માટે અવાજ ઉઠાવી રહ્યા છે.

### સુરતના હકમાં એક ટકાની પણ કપાત સ્વીકાર્ય નહીં



સુરત આજે ગુજરાતનું ઝડપી વિકાસ પામતું મહાનગર છે. શહેરની વસ્તી સતત વધી રહી છે અને તેની સાથે સુવિધાઓ પણ વધવી જોઈએ, ઘટવી નહીં. આવી સ્થિતિમાં સ્મીમેર મેડિકલ કોલેજની લોકલ સીટો 70 ટકાથી ઘટીને 28 ટકા થવી એ સુરતના વિદ્યાર્થીઓ સાથેનો સ્પષ્ટ અન્યાય છે. સ્મીમેર મેડિકલ કોલેજ સુરત મહાનગરપાલિકાના સહયોગથી શરૂ થઈ છે અને તેનું સંચાલન સુરતના નાગરિકોના ટેક્સના પૈસાથી થાય છે. ત્યારે સુરતના છોકરાઓને તેનો યોગ્ય લાભ મળવો જ જોઈએ. શરૂઆતમાં જે રીતે લોકલ કોટા આપવામાં આવતો હતો, તે જ યથાવત્ રાખવો જોઈએ. સુરતના હકની વાત છે, એટલે એક ટકા પણ ઓછી સ્વીકાર્ય નથી. શહેર વધે છે તો સીટો વધવી જોઈએ, ઘટાડો નહીં થવો જોઈએ.

**– જય છૈરા, સી.એ.**

### સ્થાનિક હિત સાથે સમાન તકો જરૂરી છે



સુરત દેશની સમૃદ્ધ મહાનગર પાલિકાઓમાંની એક છે અને અહીં વર્ષોથી વિવિધ રાજ્યોમાંથી લોકો આવીને સ્થાયી થયા છે. શહેરના વિકાસમાં માઈગ્રન્ટ પરિવારોનું પણ મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે, તેથી તેમને પણ યોગ્ય પ્રમાણમાં સીટ મળવી જોઈએ. પરંતુ સાથે સાથે સુરતના મૂળ નિવાસી અને મધ્યમ વર્ગીય પરિવારોના હિતનું પણ સંરક્ષણ થવું જરૂરી છે. હાલમાં 250 સીટમાંથી માત્ર 28 ટકા જેટલી સીટ સ્થાનિક વિદ્યાર્થીઓને મળવી એ અન્યાય સમાન છે. મધ્યમ વર્ગ માટે મોંઘી ખાનગી મેડિકલ કોલેજોમાં અભ્યાસ કરવો સહેલો નથી. સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર જેવી સંસ્થા ખાસ કરીને શહેરના વિદ્યાર્થીઓને ડોક્ટર બનવાની તક મળે તે હેતુથી શરૂ કરવામાં આવી હતી. તેથી મનપાએ સ્થાનિક હિતને ધ્યાનમાં રાખીને સીટનો હિસ્સો વધારવો જોઈએ, જેથી સુરતના યુવાનોને પોતાના શહેરમાં જ યોગ્ય તક મળી શકે.

**– રવિ છાવછરીયા, સી.એ.**

# ધો.10 વિજ્ઞાનનું પેપર મધ્યમથી સરળ, વિદ્યાર્થીઓમાં ખુશી

**મુદ્દાસર** જવાબ લખનાર વિદ્યાર્થી સરળતાથી સારા ગુણ મેળવી શકે એવું પેપરઃ નિષ્ણાતો

સુરતઃ આજ રોજ લેવાયેલી ધોરણ 10ના વિજ્ઞાન વિષયના બોર્ડ પ્રશ્નપત્ર અંગે વિદ્યાર્થીઓ અને શિક્ષકવર્ગમાંથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. પ્રશ્નપત્ર મધ્યમથી સરળ સ્તરનું રહેતા

...અનુસંધાન પાના 9 પર

### વિભાગવાર વિશ્લેષણ

**SECTION - A**માં ખૂબ જ સરળ અને સીધા પ્રશ્નો પૂછાયા હતા. સારી તૈયારી કરનાર વિદ્યાર્થીઓ માટે 24 માંથી 24 ગુણ મેળવવા અનુકૂળ સ્થિતિ રહી હતી.

**SECTION - B**માં INTEXT આધારિત એક પ્રશ્ન પૂછાયો હતો, જે થિયરી આધારિત અને સરળ હતો. પ્રશ્ન સમજવા તથા જવાબ રજૂ કરવામાં વિદ્યાર્થીઓને ખાસ મુશ્કેલી ન પડી હોવાનું જાણવા મળ્યું.

**SECTION - D**માં CASE STUDY આધારિત એક પ્રશ્ન સામેલ હતો. પાઠ્યપુસ્તક સાથે સીધો સંબંધ ધરાવતો અને સમજવા યોગ્ય પ્રશ્ન હોવાથી વિદ્યાર્થીઓએ વિશ્વાસપૂર્વક તેનો જવાબ લખ્યો હતો.

## ધો.12 રસાયણશાસ્ત્રનું પેપર સંતુલિત અને સ્કોરિંગ રહ્યું

**મોટાભાગના** પ્રશ્નો NCERT આધારિત

સુરતઃ ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહનું રસાયણશાસ્ત્ર વિષયનું બોર્ડ પરીક્ષા પ્રશ્નપત્ર સમગ્ર રીતે સંતુલિત અને NCERT આધારિત રહ્યું હતું. પ્રશ્નપત્રનું માળખું બોર્ડ દ્વારા નિર્ધારિત બ્લૂપ્રિન્ટ મુજબ જ હોવાને કારણે વિદ્યાર્થીઓને લખવામાં તેમજ સમય સંચાલનમાં સહજતા અનુભવાઈ હતી. પ્રશ્નપત્ર અપેક્ષિત પ્રશ્નો પર આધારિત રહ્યું. નિયમિત પ્રિપેરેશન કરનાર વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ ગુણ મેળવવાની ઉત્તમ તક મળી. પરીક્ષા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓમાં સંતોષ અને આત્મવિશ્વાસ જોવા મળ્યો. મોટાભાગના વિદ્યાર્થીઓએ પેપરને "સંતુલિત

...અનુસંધાન પાના 9 પર

### પાર્ટ-A: થોડા "ટ્વિસ્ટેડ"MCQ, પરંતુ મોટેભાગે સીધા પ્રશ્નો

પાર્ટ-A માં કુલ 3 થી 4 MCQ પ્રશ્નો થોડા ટ્વિસ્ટેડ પ્રકારના હતા, જેમાં સિદ્ધાંતની સ્પષ્ટ સમજ જરૂરી હતી. જોકે, મોટાભાગના પ્રશ્નો NCERT આધારિત અને સીધા સ્વરૂપના હોવાથી નિયમિત અભ્યાસ અને રિવિઝન કરનાર વિદ્યાર્થીઓ માટે આ વિભાગ સ્કોરિંગ સાબિત થયો હતો.

### પાર્ટ-B: સમજણ આધારિત અને સંપૂર્ણ રીતે સ્કોરિંગ

પાર્ટ-B સંપૂર્ણ રીતે સરળ અને સમજણ આધારિત રહ્યો. લાંબા તથા ટૂંકા ઉત્તર પ્રકારના પ્રશ્નો સ્પષ્ટ અને પાઠ્યપુસ્તક આધારિત હતા. યોગ્ય તૈયારી ધરાવતા વિદ્યાર્થીઓએ આ વિભાગ સરળતાથી અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કર્યો હતો. આ વિભાગ ખાસ કરીને ઉચ્ચ ગુણ મેળવવા માટે અનુકૂળ રહ્યો.

### ધો.12 કોમર્સમાં 'વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન'નું પેપર સહેલું

સુરતઃ ધોરણ 12 કોમર્સ પ્રવાહમાં આજે લેવાયેલા 'વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન' વિષયનું પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓ માટે અત્યંત સરળ અને અનુમાનિત રહ્યું હતું. મોટાભાગના પ્રશ્નો સ્વાધ્યાય આધારિત હોવાને કારણે વિદ્યાર્થીઓને પેપર લખવામાં સરળતા અનુભવાઈ હતી.

વિભાગ A અને B ના તમામ પ્રશ્નો સ્વાધ્યાયમાંથી જ પૂછવામાં આવતા વિદ્યાર્થીઓ માટે પાસ થવું વધુ સરળ બન્યું હતું. વિભાગ C, D અને E માં પણ પ્રશ્નો સ્વાધ્યાય આધારિત જ હતા, જોકે બે પ્રશ્નના વિભાગોમાં આંતરિક ફેરફાર કરવામાં આવ્યો હતો. તેમ છતાં પ્રશ્નોની રચના સરળ હોવાથી વિદ્યાર્થીઓને કોઇ ખાસ મુશ્કેલી પડી નહોતી. આખા પ્રશ્નપત્રમાં માત્ર 2 ગુણનું એક વિધાન સ્વાધ્યાય બહારનું હતું, પરંતુ તે પણ અત્યંત સરળ હોવાથી વિદ્યાર્થીઓએ તેને સહેલાઈથી એટેમ્ટ કર્યું હતું. વિદ્યાર્થીઓના મત મુજબ પેપર એટલું સરળ હતું કે સમયમર્યાદામાં સંપૂર્ણ રીતે પૂર્ણ કરી શકાય એવું રહ્યું.

...અનુસંધાન પાના 9 પર

### 99 ટકા જેટલી હાજરી

| ધોરણ | નોંધાયેલા વિદ્યાર્થી | હાજર | ગેરહાજર |
|---|---|---|---|
| 10 | 86,970 | 86,042 | 928 |
| 12(વિ.પ્ર) | 16,881 | 16,759 | 122 |
| 12ના (સા.પ્ર) | 41,951 | 41,672 | 279 |

## ડિંડોલીમાં ધો.12 સાયન્સના વિદ્યાર્થીએ રસોડામાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી

**આખી** રાત રસોડામાં બેસીને અભ્યાસ કરતો હતો અને અચાનક અભ્યાસના તણાવમાં આવીને પગલું ભરી લીધું

**બોર્ડના** બીજા પેપરના દિવસે જ શ્રીકાંતે આત્મહત્યા કરી લેતાં પરિવાર શોકમાં ગરકાવ



સુરતઃ હાલમાં ચાલી રહેલી બોર્ડની પરીક્ષા વચ્ચે ડિંડોલી ખાતે રહેતા ધોરણ 12 સાયન્સના વિદ્યાર્થીએ પોતાના ઘરના રસોડામાં ફાંસો ખાઇને મોતને વ્હાલું કરી લેતાં ચકચાર મચી જવા પામી હતી. મળતી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રના વતની પ્રહલાદ પાટીલ ઇલેક્ટ્રિશ્યન તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. હાલ તેઓ નવાગામ ડિંડોલી ખાતે આવેલા ઉમિયાનગરમાં રહે છે. તેમનો દીકરો શ્રીકાંત (ઉં.વ.17) ઉધના વિસ્તારમાં આવેલી શેઠ શ્રી પી.એચ બચકાનીવાલા

...અનુસંધાન પાના 9 પર

### શ્રીકાંતના ચોપડા પણ રસોડામાં જ હતાં

શનિવારે શ્રીકાંતના પરીક્ષાનું બીજું પેપર હતું. જેને લઈને તે આખી રાત રસોડામાં બેસીને અભ્યાસ કરી રહ્યો હતો. ત્યારે અચાનક તે તણાવમાં આવીને આત્મહત્યા કરી લીધી હતી. શ્રીકાંત જે ચોપડા લઈને બેઠો હતો. તે ચોપડા પણ ત્યાં મૂકીને પગલું ભરી લીધું હતું.

## હોલિકા દહનની સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તૈયારી



સોમવારે હોલિકાદહન કરવામાં આવશે. જેના ભાગરૂપે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તૈયારી શરૂ થઇ છે. (તસવીર : હેમંત ડેરે)

# ઈરાન યુદ્ધને લીધે 2 માર્ચ સુધી સુરતથી ફ્લાઈટ રદ

**શનિવારે** ઇન્ડિગો એરલાઇન્સની સુરત દુબઇ ફ્લાઇટ દુબઇ પહોંચી, પણ યુદ્ધને લીધે એર સ્પેસ બંધ થઈ જતાં સુરત પરત ન આવી

**ઈન્ડિગોની** સુરતથી દુબઈ ગયેલી ફ્લાઇટ પાર્ટ નહીં આવતાં સુરતથી હૈદરાબાદની ફ્લાઇટ પણ રદ થઈ

સુરતઃ અમેરિકા અને ઇઝરાયલ તરફથી ઇરાક વિરુદ્ધ શરૂ થયેલા સંઘર્ષને કારણે મધ્ય પૂર્વના અનેક દેશોના આકાશી માર્ગો બંધ થઈ ગયા છે. આ પરિસ્થિતિને લીધે સુરત આંતરરાષ્ટ્રીય વિમાનમથકમાંથી દુબઈ અને શારજાહ તરફની તમામ વ્યાપારિક ફ્લાઇટ્સ 2 માર્ચ સુધી સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે. આનાથી સુરતના હજારો પ્રવાસીઓ અસરગ્રસ્ત થયા છે. શનિવારે ઇન્ડિગો એરલાઇન્સની સુરતથી દુબઈ જતી ફ્લાઇટ સફળતાપૂર્વક દુબઈ પહોંચી ગઈ હતી. પરંતુ યુદ્ધના કારણે એર સ્પેસ તરત જ બંધ થઈ જતાં તે ફ્લાઇટ પરત સુરત આવી શકી ન હતી. આ ફ્લાઇટ સુરત પરત આવીને હૈદરાબાદ જવાની હતી, પરંતુ યુદ્ધની વધતી તંગ સ્થિતિને કારણે તે પણ રદ કરી દેવામાં આવી છે. એર ઇન્ડિયા એક્સપ્રેસની સુરત-દુબઈ- સુરત તેમજ સુરત- શારજાહ-સુરતની ફ્લાઇટ્સ અને ઇન્ડિગો એરલાઇન્સની સુરત- દુબઈ- સુરત ફ્લાઇટ પણ ૨ માર્ચ સુધી રદ જાહેર કરવામાં આવી છે. બંને એરલાઇન્સે પ્રવાસીઓને તેમની વેબસાઇટ કે

...અનુસંધાન પાના 9 પર

આરએમઓને હવે કૂતરાં ગણવાનું બાકી હતું?

# નવી સિવિલ હોસ્પિટલમાં 100થી વધુ રખડતાં કૂતરાં

**ખરવાસા** CHCમાં 7 અને કામરેજ CHCમાં 6 કૂતરાં મળી આવ્યાં

સુરતઃ આરોગ્ય સેવાઓના ભાર વચ્ચે હવે આરએમઓને કૂતરાની ગણતરી કરવાનું કામ સોંપાયું હોવાની સ્થિતિ સામે આવી છે. જિલ્લા આરોગ્ય વિભાગના આદેશ બાદ સરકારી હોસ્પિટલોના કેમ્પસમાં રખડતા કૂતરાનો સરવે હાથ ધરવામાં આવ્યો, જેમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે.

દક્ષિણ ગુજરાતની સૌથી મોટી ગણાતી નવી સિવિલ હોસ્પિટલમાં 100થી વધુ રખડતા કૂતરા હોવાનો આંકડો નોંધાયો છે. હૉસ્પિટલ જેવો સંવેદનશીલ અને વ્યસ્ત કેમ્પસ હોવા છતાં અહીં આટલી મોટી સંખ્યામાં કૂતરાનું હાજર રહેવું ગંભીર પ્રશ્ન ઊભો કરે છે. માત્ર નવી સિવિલ જ નહીં, પરંતુ તાલુકા સ્તરે પણ પરિસ્થિતિ ચિંતાજનક છે. ખરવાસા CHCમાં 7 કૂતરા નોંધાયા છે. કામરેજ CHCમાં 6 કૂતરા નોંધાયા છે. આદેશના પગલે રેસિડેન્ટ મેડિકલ ઓફિસર (RMO) સહિતના તબીબી અધિકારીઓને પોતાના નિયમિત કાર્ય વચ્ચે સમય કાઢીને કેમ્પસમાં કૂતરાની ગણતરી કરવી પડી હોવાની માહિતી

...અનુસંધાન પાના 9 પર




**લક્ષ્મી ગૃપ ઓફ કંપનીઝ અને તેનાં ડિરેકટરો તથા ગજેરા પરીવાર સંબંધે પુરાવા વિના ખોટી રીતે અપમાનજનક અને બદનક્ષીકારક સમાચારો પ્રસિદ્ધ કરવા સંદર્ભે જાહેર ચેતવણી તથા જાહેર નોટીસ**

જત આથી હમારા અસીલો લક્ષ્મી ગૃપ ઓફ કંપનીઝનાં ડિરેકટરો તેમજ ગજેરા પરીવારનાં સભ્યો તરફે આથી લાગતા વળગતા તમામને હાલની જાહેર ચેતવણી તથા જાહેર નોટીસથી તાકીદ કરવાનું કે, હાલમાં હમારા અસીલોની લક્ષ્મી ગૃપ ઓફ કંપનીઝ તથા ડિરેકટરોને ત્યાં આવક વેરા ખાતા તરફથી તપાસ કરવામાં આવેલ જે સંદર્ભે સુરત શહેરનાં તેમજ અન્ય શહેરોનાં દૈનિક વર્તમાન પત્રોમાં તથા સોશીયલ મિડિયામાં બીનસત્તાવાર રીતે અપમાનકારક તેમજ બદનક્ષીકારક થાય તેવા સમાચારો અમુક ચોકકસ હિત શત્રુઓ ખોટી અને ભ્રામક માહિતીઓ જુદા જુદા માધ્યમોથી પ્રસારિત કરી રહેલ છે અને ફેલાવી રહેલ છે. આવક વેરાની તપાસ વિશે કોઈપણ સત્તાવાર માહિતી તંત્ર દ્વારા આપવામાં આવેલ નથી તે છતાં મનઘડત વાતો ફેલાવીને અને જાહેર માધ્યમોમાં ખોટી પ્રસિદ્ધિ કરી હમારા અસીલોની શાખને તથા પ્રતિષ્ઠાને મોટું નુકશાન પહોંચાડવામાં આવી રહેલ છે જેનાં કારણે હમારા અસીલોની પ્રતિષ્ઠાને ગંભીર નુકશાન થયેલ છે અને તેઓની પ્રતિષ્ઠાને ઝાંખપ આવેલ છે. હમારા અસીલોના ભૂતપૂર્વ ભાગીદાર દ્વારા જે ફરીયાદ આપવામાં આવેલ છે તેને માધ્યમ બનાવીને લક્ષ્મીગૃપ ઓફ કંપનીઝ તથા ગજેરા પરીવાર ઉપર એક ગેરકાયદેસર દબાણ ઊભું કરવાનાં પ્રયત્નો થઈ રહ્યા છે. હાલમાં મેટર સબજયુડાઈસ છે. હમારા અસીલો લાગતા વળગતા તમામ જવાબદારો વિરૂદ્ધ બદનક્ષી સંદર્ભે અને અન્ય કાયદાકીય રીતે તેઓની બદનક્ષી કરવા બાબતે વળતર મેળવવા કાયદેસરની કાર્યવાહી કરનાર છે. જેથી હાલની જાહેર નોટીસ તથા જાહેર ચેતવણીથી હમારા અસીલો તાકીદ કરે છે કે, હમારા અસીલોની લક્ષ્મી ગૃપ ઓફ કંપનીઝ તથા ગજેરા પરીવાર સંદર્ભે કોઈપણ જાતનાં સમાચારો કે સોશીયલ મિડિયામાં કોઈપણ હકીકતો પ્રસિદ્ધ કરતા અગાઉ ખરાઈ કર્યા વિના, પાયાવિહોણા કોઈપણ આક્ષેપયુકત કે બદનક્ષીકારક સમાચારો પ્રસિદ્ધ કરવામાં આવશે તો તે સંદર્ભે હમારા અસીલો તેવા તમામ જવાબદારો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરશે. હમારા અસીલો લક્ષ્મી ગૃપ ઓફ કંપનીઝ તથા ગજેરા પરીવાર હાલની જાહેર નોટીસ તથા જાહેર ચેતવણીથી તમામ લાગતા વળગતાઓને તાકીદ કરે છે કે, હમારા અસીલો લક્ષ્મી ગૃપ ઓફ કંપનીઝ તથા ગજેરા પરીવાર વિરૂદ્ધ અગાઉ પુરાવા વિનાના સમાચાર/હકીકતો સંદર્ભે તાત્કાલિક અસરથી ખુલાસો જાહેર કરવો. હાલની જાહેર નોટીસથી હમારા અસીલો તાકીદ કરે છે કે, સોશીયલ મિડિયામાં કે વર્તમાનપત્રોમાં હમારા અસીલો વિરૂદ્ધ જો કોઈ પુરાવા વિના ખોટી પ્રસિદ્ધિઓ કરશે તો હમારા અસીલો તે તમામ વિરૂદ્ધ ફોજદારી રાહે તથા દિવાની રાહે તેમજ ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી એકટની જોગવાઈઓ સંદર્ભે કાયદેસરની કાર્યવાહી કરશે. આથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

હમારી સુચનાથી :-

(ગજેરા પરીવારનાં સભ્યો વતી)

મારી મારફત


કેતન પી. રેશમવાલા

તે

લક્ષ્મી ગૃપ ઓફ કંપનીઝનાં ડિરેકટરો તથા ગજેરા પરીવારનાં સભ્યોનાં એડવોકેટ

Office : 509, ICON Business Center, Nr. Valentine Cinema, Surat - Dumas Road, Surat-395007.

**શ્રદ્ધાંજલિ અને પ્રાર્થના સભા**



શ્રદ્ધાંજલિ સભા...

આપણા સમાજના આજીવન પ્રમુખ શ્રી જયંતભાઈ અમૃતરામ શુકલ નું તારીખ ૨૨-૦૨-૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયું છે. પોતાના જીવનમાં ૬૦ વર્ષ શ્રી ઔદિચ્ય સેવા સમાજ, રાંદેરને અર્પણ કરનાર એવા કર્મષ્ટ, સેવાભાવી, કોરિયોગ્રાફર, રમત જગતના ભીષ્મ પિતામહ એવા આપણા વડીલ સ્વ.જયંતભાઈ શુકલજી માટે એક પ્રાર્થનાસભાનું આયોજન તા. ૧ માર્ચ ૨૦૨૬ ને રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે ડો. એમ. કે અધ્વર્યુ સ્મૃતિ ભવન, દરૂ ફળિયા, રાંદેર ખાતે કર્યુ છે.

સ્વ.જયંતભાઈ શુકલ
સ્વ.તા. ૨૨/૦૨/૨૦૨૬
(ઉ.વ.૮૧)

શ્રી ઔદિચ્ય સેવા સમાજ પરિવાર, રાંદેર

**હાર્દિક શ્રધ્ધાંજલિ**



પ્રમાણિક, નૈતિક અને કર્તવ્યનિષ્ઠ કર્મચારી સંસ્થાની અમુલ્ય મિલ્કત હોય છે સેવા, સહકાર અને સાદગીસભર વ્યક્તિત્વ માટે આપ હંમેશા યાદ રહેશો. પ્રભુ આપના દિવ્યઆત્માને સદ્ગતિ પ્રદાન કરે તથા આપના સમસ્ત પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના.

સ્વ.હિમાંશુભાઈ અમરતલાલ ભટ્ટ
જન્મ તા.૦૧/૦૬/૧૯૭૨
સ્વર્ગવાસ તા.૨૬/૦૨/૨૦૨૬

સમસ્ત પ્રાઈમ બેંક કર્મચારીઓ વતી
પ્રાઈમ પરીવાર
SINCE 2007

**નવમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



લાખો લડાવી લાડ જેણે પ્રેમથી મોટા કર્યા,
એ પિતાની મીઠી છાંયા જગતમાં ક્યાંય ન મળે,
હૈયુ રડે નયન રડે, ને રડી રહયા સંતાનોનાં એ
આસુંડાને લુંછનાર માયાળુ પિતા કયાં મળે ?
જેણે તડકો વેઠી શુન્યમાંથી સર્જન કર્યુ તે પિતાના
દિવ્ય આત્માને પ્રભુ ચિર : શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

લિ. ગં.સ્વ. ભારતીબેન હસમુખભાઈ પટેલ (પત્ની)
ચેતનભાઈ હસમુખભાઈ પટેલ (પુત્ર)
નિશાબેન ચેતનભાઈ પટેલ (પુત્રવધુ)
વ્યોમકુમાર ચેતનભાઈ પટેલ (પૌત્ર)

સ્વ. હસમુખભાઈ અમરતભાઈ પટેલ
જન્મ તા. ૧/૯/૧૯૫૯
સ્વ. તા. ૧/૩/૨૦૧૭

સ્થળ: મુ.પો. કુંડી. તા. સિટી. જી. સુરત.

**નવમી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ**



તમારી યાદ અમારૂં જીવન છે |
અમારા મનમંદિરમાં
તમારૂં જ સ્મરણ છે ||

લિ.
સ્વ.ચંદ્રકાંત રતિલાલ વેલાવાલા
વૃત્તિકા(સિલ્કી) વિશાલકુમાર મોદી (પુત્રી)
વિશાલકુમાર હિતેન્દ્રભાઈ મોદી (જમાઈ)
તથા વેલાવાલા પરિવાર

સ્વ. કુમુદબેન ચંદ્રકાંત વેલાવાલા
સ્વ.તા.૦૧-૦૩-૨૦૧૭